શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ

અને

ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસાના

સંયુકત ઉપક્રમે

# ''ઉત્તર ગુજરાતના લોકગીતો વિવિધ સંદર્ભે ''

# રાજયસ્તરીય પરિસંવાદ

તારીખ-૧૭/૦૯/૨૦૧૨ ને સોમવારના રોજ ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,

ડીસા ખાતે યોજાયેલ જેનો

# અહેવાલ

ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા તથા શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટના સંયુકત ઉપક્રમે ''ઉત્તર ગુજરાતનાં લોકગીતો વિવિધ સંદર્ભે'' રાજયસ્તરીય પરિસંવાદનું તા. ૧૭/૦૯/૨૦૧૨ ને સોમવારનાં રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

૧૦:૩૦ થી ૧૧:૩૦ કલાક સુધી સમારંભની ઉદઘાટન બેઠક આદરણીય ડો. જીતુભાઇ પંચોલીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. આ કાર્યક્રમનો મંગલ પ્રારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. કોલેજની વિદ્યાર્થીની કુ. ઉર્વશી અને કુ. માધુરી એ સુમધુર સ્વરમાં સુંદર પ્રાર્થના રજુ કરી હતી. ઉદઘાટન પ્રસંગે માન.શ્રી કનુભાઇ જાની, ડૉ.ભગવાનદાસ પટેલ, ડૉ. અંબાદાન રોહડિયા નિયામકશ્રી છગનભાઇ પટેલ, આચાર્યશ્રી ડૉ..અમૃતભાઇ પટેલ, વિષયના તજજ્ઞશ્રીઓ , સંશોધકશ્રીઓ, રસિકજનો અને અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓનું સંસ્થાવતી શબ્દપુષ્પથી સ્વાગત પ્રવર્ચન કોલેજના આચાર્યશ્રી ડૉ..અમૃતભાઇ પટેલે કર્યુ હતુ. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું કોલેજ તેમજ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ તરફથી આ પરિસંવાદની યાદગીરી રૂપે પુષ્પગુચ્છ અને પુસ્તકોની ભેટ આપી અભિવાદન કરવામાં આવ્યું હતુ.

D.N.P. Arts & Com. College DEESA

કાર્યક્રમના અધ્યક્ષ આદરણીય ડો. જીતુભાઇ પંચોલી તેમજ મંચાસીન મહેમાનશ્રીઓ દ્વારા દિપ પ્રાગટય કરીને પરિસંવાદને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓએ પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતુ. ત્યારબાદ સમારંભના અધ્યક્ષ ડૉ. જીતુભાઇ પંચોલીએ અધ્યક્ષીય વ્યાખ્યાન આપી પરિસંવાદની સફળતા માટે ભેચ્છાઓ પાઠવી હતી.

પરિસંવાદનું પ્રથમ સત્ર ૧૨:૩૦ કલાક થી ૪:૦૦ કલાક સુધી શ્રી કનુભાઇ જાનીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યુ હતુ. આ પ્રથમ સત્રમાં ગુજરાતભરના તજજ્ઞોએ વિષયને અનુરૂપ પોતાના અભ્યાસલેખો રજૂ કર્યા હતા. જેમાં આજ દિન સધથી લોકગીતો વિષે થયેલા સંશોધન-સંપાદનની કામગીરીનું મુલ્યાંકન કરી ઉત્તર ગુજરાતના લોકગીતોનો એક નવીન દ્રષ્ટિકોણથી પરિચય કરાવ્યો હતો. આ પ્રથમસત્રના અધ્યક્ષ શ્રી કનુભાઇ જાનીએ ''ઉતર ગુજરાતના લોકગીતો : બીજરૂપ વકતવ્ય'' વિષય પર પોતાનું મનનીય વકતવ્ય આપ્યુ હતુ.

પ્રથમસત્રના અધ્યક્ષશ્રીના પ્રવચન બાદ આમંત્રિત તજજ્ઞશ્રીઓનાં વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જે ક્રમાનુસાર નીચે મુજબ છે.

| તજજ્ઞનું નામ | વ્યાખ્યાનનો વિષય |
|---|---|
| ડૉ.. પિનાકીની પંડયા | ઉત્તર ગુજરાતના કથાગીતોમાં મોટીફ |
| ડૉ.ભગવાનદાસ પટેલ | ડુગરીભીલ આદિવાસીઓનાં લોકગીતો |
| ડૉ.પરમ પાઠક | ઉત્તર ગુજરાતના લોકગીતોનાં સંપાદનો |
| ડૉ.રાજેશ મકવાણા | ઉત્તર ગુજરાતના લોકગીતોમાં સામાજીક સંદર્ભ |
| ડૉ. પ્રેમજી પટેલ | ઉત્તર ગુજરાતના કથાગીતોમાં આવતા ઐતિહાસિક સંદર્ભો |
| ડૉ..ભરત પંડયા | ઉત્તર ગુજરાતના લોકગીતોમાં સાંસ્કૃતિક સંદર્ભ |
| ડૉ. અમૃત પટેલ | ઉત્તર ગુજરાતના લોકગીતોનાં અર્થઘટનો અને સામાજીક, સાંસ્કૃતિક સંદર્ભ |
| શ્રી ઘનશ્યામ ગઢવી | ઉત્તર ગુજરાતના લોકગીતોની પ્રસ્તુતિ |

જેવાં ગહન વિષયો ઉપર ચર્ચા વિમર્શ કરવામાં આવેલ.આ પરિસંવાદમાં બધાજ વિદવાનોએ ખુબજ પ્રતિબદધતાથી પોતાના વિચારો રજુ કર્યા હતા.

દ્રિતીય સત્ર સમય ૪:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ચાર કક્ષોમાં વિભાજીત કરી યોજવામાં આવ્યુ હતુ. ૧. ઝવેરચંદ મેઘાણી કક્ષ ૨. પુષ્કરચંદરવાકર કક્ષ ૩. દુલેરાય કારણી કક્ષ અને ૪.ફરમાનજી માસ્તર કક્ષ. આ ચારેય કક્ષોમાં જૂદી-જૂદી કોલેજોમાંથી ઉપસ્થિત સંશોધકોના શાધઘપત્રોનું વાંચન વિષય તજજ્ઞશ્રીઓના અધ્યંક્ષ સ્થાનેન ગોઠવવામાં આવ્યુ હતુ. આ ચારેય કક્ષાનુસાર બેઠકોમાં કુલ ૩૪ શોધપત્રોનું વાંચન થયુ હતુ.

D.N.P. Arts & Com. College DEESA

કાર્યક્રમનો સમાપન સમારોહ ૫:૦૦ થી ૫:૩૦ કલાક દરમ્યાન યોજવામાં આવ્યો હતો. જેના પ્રમુખ સ્થાનેડૉ.. ભગવાનદાસ પટેલને નિયુકત કરવામાં આવ્યા હતા. સમારંભમાં ઉપસ્થિત મહેમાનોને હસ્તે સંશોધકોને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા અંતમાં આભાર દર્શન બાદ કાર્યક્રમને સંપન્ન થયેલો જાહેર કર્યો હતો.

આ પરિસંવાદને સફળતાપુર્વક સંપન્ન કરવા માટે શ્રી ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર, રાજકોટ અને ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ડીસાના આચાર્યશ્રી ડૉ.અમૃતભાઇ પટેલ, નિયામકશ્રી છગનભાઇ પટેલ ગુજરાતી વિભાગના પ્રા. વંદનાબેન સિસોદીયા, પ્રા.આશાબેન ચૌધરી, કુ. હેતલબેન મોદી, પ્રા.સંકેતભાઇ પારેખ, પ્રા. કે.ડી.પટેલ તેમજ પ્રા. એમ.એમ.મફત, ડો. ભાનુભાઇ પટેલ, ડૉ.. આર.ડી.ચૌધરી, પ્રા. કિર્તીભાઇ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

D.N.P. Arts & Com. College DEESA

Principal
D.N. P. Arts & Commerce College
Deesa - 385535 (Banas...)
(North Gujarat)